| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Ham Nava | 02 | 16-07-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા પ્રાકૃતિક નરારા બેટ પર સ્વચ્છતા અભિયાન યોજાયુ

જામનગર તા. ૧૭: એસ્સાર ગ્રુપમાં કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટી નિભાવતા એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડીનાર નજીક આવેલા પ્રાકૃત્તિક નરારા બેટ પર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જેમાં કંપનીના કર્મીઓએ સ્વૈચ્છાએ જોડાઈ સફાઈ કામગીરી કરી હતી. આ તકે સુશોભિત વૃક્ષોનું વાવેતર પણ કરાયું હતું.

સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે એસ્સાર ફાઉન્ડેશન વાડીનાર રિફાઈનરીની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરવાની સાથે-સાથે પ્રાકૃત્તિકતાને જાળવી રાખવા અંગેના સઘન કાર્યક્રમો પણ અવાર નવાર યોજતું રહે છે. વાડીનાર નજીક આવેલા દરિયાઈ કાંઠાની સફાઈ કરવા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. જેમાં કંપનીના ૫૦ કર્મીઓએ સ્વેચ્છાએ જોડાઈ સફાઈ કામગીરી કરી હતી. મરીન નેશનલ પાર્કની મુલાકાતે આવતા પર્યટકોએ ટાપુ પર અજાણતા ફેંકેલી બિન ઉપયોગી વસ્તુઓને એકઠી કરી કાંઠાને સ્વચ્છ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

એસ્સાર ફાઉન્ડેશનના આ અભિયાનમાં એસ્સાર ઓઈલ લિ.ની પર્યાવરણ ટૂકડી જોડાઈ હતી. વન વિભાગના સી.સી.એફ. શ્રી આર. ડી. કમ્બોજે ફાઉન્ડેશનની પ્રવૃત્તિને બિરદાવી હતી. પર્યાવરણ તથા દરિયાઈ જીવ સૃષ્ટિના રક્ષણ માટે કાંઠાને સ્વચ્છ રાખવા માટે હાથ ધરાતા કાર્યક્રમોને તેઓએ મહત્વના ગણાવ્યા હતાં. અભિયાનમાં વાડીનાર ધાર શાળાના બાળકોએ પણ ભાગ લઈ પર્યાવરણીય જાગૃતિ અંગે સમજ મેળવી હતી. બાળકો તથા સફાઈ અભિયાનમાં જોડાયેલા કર્મીઓ માટે પર્યાવરણ અંગે સમજ કેળવાય એ માટે ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી.

વૃક્ષોનું વાવેતર આ અભિયાન અંતગર્ત પર્યાવરણીય ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેના માટે સી.આર.જી. ના જોઈન્ટ જનરલ મેનેજર શ્રી વિજય પટેલ તથા તેની ટીમે ખુબ જ જહેમત ઉઠાવી હતી. ખાસ કરીને ટાપુ પર આવતા સહેલાણીઓને છાયો મળે અને પક્ષીઓને વિશામો મળે એવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરાયું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે કર્મચારીઓ દ્વારા સ્વૈચ્છિક સેવા અંગેના કાર્યનો આરંભ ઓગષ્ટ, ૨૦૧૨થી કરવામાં આવેલો છે. ઉદ્યોગ અને સમાજને જોડવામાં કડીરૂપ ગણાતા આ કાર્ય થકી અલગ અલગ ક્ષેત્રમાં કર્મચારીઓ સ્વેચ્છાએ સામાજિક જવાબદારી નિભાવી હજારો કલાકોનું શ્રમદાન કરે છે.